SIMULATIONS
Public Affairs Management Services

D-309, Shivalik Corporate Park, B/h IOC Petrol Pump, Between Shyamal – Shivranjani Cross Rd, On 132 Ft Ring Road, Satellite, Ahmedabad – 380015
Ph : 079- 65214200 Fax : 079-40065014
Email : simulationsindia@gmail.com

**Navnirman**
**Edition:** Surat | **Date:** June 09, 2011 | **Page No.:** 06 | **Category:** Sterling Hospital

## Doctors' Team successfully performs the first living donor liver transplantation at Sterling Hospital

# સ્ટર્લિંગ હૉસ્પિટલની ડૉક્ટર્સ ટીમ દ્વારા જીવિત દાતાના લીવરની મદદથી સફળ લીવર ટ્રાન્સપ્લાન્ટ હાથ ધરવામાં આવ્યું

અમદાવાદ : સતત ૧૪ કલાકની ભારે જહેમત પછી, ગુજરાતની કોર્પોરેટ હોસ્પિટલ્સમાં અગ્રેસર એવી સ્ટર્લિંગ હોસ્પિટલ, અમદાવાદની ડૉક્ટર્સ ટીમ દ્વારા તાજેતરમાં એક જીવિત વ્યક્તિના લીવરની મદદથી લીવર સીરોસીસથી પિડાતા વ્યક્તિમાં સફળ લીવર ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું. આણંદના ૫૨ વર્ષની ઉંમરના જનરલ પ્રેક્ટિશનર ડૉ.કનુભાઈ ગોહિલ અને તેમના સંબંધી પરમાર ઉપર આ ઑપરેશન ડૉ.એ.એસ.સોઈન, ડૉ.હિતેશ ચાવડા, ડૉ.રવિ મોહન્કા અને તેમની ટીમ દ્વારા હાથ ધરવામાં આવ્યું છે. ગુરગાંવના મેડીસીટી-ઈન્સ્ટીટ્યુટ ઑફ લીવર ટ્રાન્સપ્લાન્ટેશન એન્ડ રિજનરેટીવ મેડીસીનના ચીફ ઓફ લીવર ટ્રાન્સપ્લાન્ટ એન્ડ હીપેટોબીલીઅરી સર્જન ડૉ.એ.એસ.સોઈન અને તેમની ટીમ ભારતમાં લીવર ટ્રાન્સપ્લાન્ટેશનનો સૌથી વધુ અનુભવ ધરાવે છે.

અમદાવાદના કન્સલ્ટન્ટ-હીપેટોબીલીઅરી સર્જન તથા લીવર ટ્રાન્સપ્લાન્ટ પ્રોગ્રામના ડિવિઝન ચીફ ડૉ.હિતેશ ચાવડા એ જણાવ્યું હતું કે, ગયા મહિને ડૉ.કનુભાઈએ પેટની તકલીફ, અશક્તિ અને કમળાની ફરિયાદ સાથે હોસ્પિટલનો સંપર્ક કર્યો હતો. તબીબી તપાસમાં જણાયું હતું કે તેમને ૨૦ વર્ષ અગાઉ કોઈ રક્તદાતા તરફથી તેમને હિપેટાઈટીસનો ચેપ લાગ્યો હતો અને તેને કારણે લીવર સિરોસીસ થયું હતું. તેઓ ટર્મિનલ લીવર ફેઈલ્યોરના છેલ્લા તબક્કાનો ભોગ બન્યા હતા અને લીવર ટ્રાન્સપ્લાન્ટેશન કર્યા વગર થોડાક સપ્તાહથી વધુ જીવી શકે તેમ ન હતા. આથી અમે તેમને મૃત વ્યક્તિનું લીવર ટ્રાન્સપ્લાન્ટ નહીં કરવા માટે સલાહ આપી હતી, કારણ કે આવા કિસ્સાઓમાં દરદીના બ્લડ ગ્રુપ અને પ્રતિક્ષા યાદીના નંબરને આધારે લીવર મેળવવા માટે ૧થી ૧૨ મહિના રાહ જોવી પડે છે. આથી અમારી સમક્ષ તેમની ઉપર એલડીએલટી (લિવિંગ ડોનર લીવર ટ્રાન્સપ્લાન્ટેશન) કરવાનો એક માત્ર વિકલ્પ હતો. તેમના સાળા પૂનમ પરમારે, ડૉ.ગોહિલની મદદે આવ્યા